ગાંધીનગર સમાચાર, પાનાં નંબર, ૦૪
તારીખ :- ૧૮/૧૨/૨૦૨૪

# ગાંધીનગર-અમદાવાદને જોડતી મેટ્રોની કામગીરી અંતિમ તબક્કામાં

## હવે બાકી રહેતા માર્ગ રિસરફેસિંગના કામો હાથ ધરવામાં આવશે

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના નાગરિકો માટે લાંબા સમયની હાલાકી બાદ હવે રાહતના સમાચાર આવ્યા છે. અમદાવાદને ગાંધીનગર સાથે જોડતી મેટ્રો રેલની કામગીરી હવે તેના અંતિમ તબક્કામાં છે, ત્યારે મેટ્રો રૂટના મુખ્ય માર્ગોને નવેસરથી ડામર કાર્પેટ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટૂંક સમયમાં મેટ્રો ટ્રેન સચિવાલયથી આગળ વધીને સીધી મહાત્મા મંદિર સુધી પહોંચશે. છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગરમાં ૨૪ કલાક પાણીની યોજના, ગટર લાઈનનું નવું નેટવર્ક અને મેટ્રો રેલના પ્રોજેક્ટ્સ એકસાથે ચાલી રહ્યા હતા. આ કામગીરી માટે શહેરના મોટાભાગના મુખ્ય માર્ગો પર ખોદકામ કરવામાં આવતા વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા હતા. જોકે, હવે મોટાભાગની અંડરગ્રાઉન્ડ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ગટર નેટવર્કની કામગીરી અંતિમ તબક્કામાં છે મેટ્રો પ્રોજેક્ટ પણ સચિવાલયથી મહાત્મા મંદિર સુધીનું કામ પૂર્ણતાના આરે છે

પાટનગર યોજના વિભાગ દ્વારા આયોજનબદ્ધ રીતે રોડ રીસર્ફેસિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે: ૫ નંબરના માર્ગ પર 'છ-૫' સર્કલથી 'ઘ-૫' સર્કલ સુધીના પટ્ટામાં રોડને નવેસરથી ડામર કાર્પેટ કરી દેવામાં આવ્યો છે, જેનાથી વાહનચાલકોને મોટી રાહત મળી છે. મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા હવે બાકીના રૂટમાં ડિવાઈડર, ફૂટપાથના કર્બિંગ અને ખોદકામ કરેલા ભાગનું સમારકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જી એમ આર સી દ્વારા જ્યાં પણ સિવિલ વર્ક (ડિવાઈડર અને સાઈડ બ્લોક્સ) પૂર્ણ કરવામાં આવશે, તેના તરત જ બાદ પાટનગર યોજના વિભાગ દ્વારા આખા રોડ પર નવો ડામર પાથરી દેવામાં આવશે. આ સાથે જ 'ચ-૦' થી 'મહાત્મા મંદિર' સુધીનો સમગ્ર સ્ટ્રેચ આધુનિક અને સુવિધાજનક બની જશે. મેટ્રો ટ્રેન દોડતી થવાની સાથે જ તેની નીચેનો માર્ગ પણ શહેરની સુંદરતામાં વધારો કરશે.